### યુવતીનો મૃતદેહ મળ્યો, યુવકની શોધખોળ જારી

# ઉમેટા બ્રિજ પરથી પ્રેમી યુગલે મહી નદીમાં છલાંગ લગાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા નજીક આવેલા ઉમેટા બ્રિજ પરથી એક પ્રેમી યુગલે મહીસાગર નદીમાં કૂદીને આપઘાત કરી લેતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. વહેલી સવારે બનેલી આ કરુણ ઘટના અંગે મળતી માહિતી અનુસાર, ઉમેટા બ્રિજ પર પહોંચેલા પ્રેમી યુગલે અગમ્ય કારણોસર એકસાથે મહીસાગર નદીના ઊંડા પાણીમાં મોતની છલાંગ લગાવી દીધી હતી. બ્રિજ પરથી યુગલને નદીમાં ઝંપલાવતા જોઈ આસપાસથી પસાર થતા લોકો સ્તબ્ધ થઈ ગયા હતા અને તુરંત જ સ્થાનિક પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓને ઘટના અંગે જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમ તાબડતોબ ઉમેટા બ્રિજ ખાતે દોડી



આવી હતી અને નદીના વહેણમાં શોધખોળ હાથ ધરી હતી. કલાકોની ભારે જહેમત અને રેસ્ક્યૂ ઓપરેશન બાદ સ્થાનિક તરવૈયાઓની મદદથી યુવતીના મૃતદેહને નદીમાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. પોલીસે યુવતીના મૃતદેહને કબ્જે લઈ પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે. બીજી તરફ નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયેલા યુવકની હજી સુધી કોઈ ભાળ મળી નથી, જેથી ફાયર બ્રિગેડ દ્વારા યુવકના મૃતદેહને શોધવા માટે બોટની મદદથી અભિયાન સતત ચાલુ રાખવામાં આવ્યું છે. પ્રાથમિક તપાસમાં પ્રેમી પંખીડાઓએ કોઈ ઘરેલુ કે અંગત કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આપઘાત કરનાર યુગલ ક્યાંનું રહેવાસી છે અને તેમની વચ્ચે કયા પ્રકારનો વિવાદ હતો તે અંગે પોલીસે વિવિધ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે મૃતક યુવતીની ઓળખ મેળવી તેના પરિજનોનો સંપર્ક સાધવા કવાયત શરૂ કરી છે. આ બનાવને પગલે ઉમેટા બ્રિજ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં અરેરાટી સાથે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

### હાથ પર ધગધગતા કોલસા નાખી દઝાડી

# ઈદના દિવસે જ દહેજ માટે પરિણીતાને સળગાવવાનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં દહેજની માંગણીને લઈને પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપવાની સાથે સળગાવી દેવાનો પ્રયાસ કરાયો હોવાના ગંભીર આક્ષેપ સામે આવ્યા છે. લગ્નજીવનમાં વિખવાદ ન થાય તે માટે પિતાએ રૂ. બે લાખ આપ્યા હોવા છતાં સાસરિયાંનો ત્રાસ બંધ થયો ન હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઉપરાંત પોલીસમાં ફરિયાદ કરશે તો પરિણીતાના ભાઈને મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ આક્ષેપ કરાયો છે. ફતેગંજ વિસ્તારમાં રહેતા નુરબહાર પઠાણનાં લગ્ન 9 ઓગસ્ટ, 2025ના રોજ જાકીર અહમદ પઠાણ સાથે થયાં હતાં. લગ્ન પહેલાં સાસુએ રૂ. બે લાખની માંગણી કરતાં પરિણીતાના પિતાએ આ રકમ આપી હતી. જોકે, લગ્ન બાદ ઘરકામ સહિતની નાની-નાની બાબતોમાં ઝઘડા કરી પતિ સહિત સાસરિયાં દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ છે. પરિણીતાની ફરિયાદ પ્રમાણે, ઈદના દિવસે તેમના ડાબા હાથ પર ધૂપદાનના સળગતા કોલસા નાખી દઝાડવામાં આવ્યા હતા. ત્યારબાદ 24 સપ્ટેમ્બરના રોજ દિયરે પાછળથી ઓઢણી સળગાવી દેતાં કમરથી પીઠ સુધી દાઝી ગયાં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે પોલીસ ફરિયાદ કરવાની વાત કરતાં ભાઈની હત્યા કરવાની ધમકી આપવામાં આવી હતી, જેના કારણે તેઓ ડરી ગયાં હતાં. સાસરિયાંના ત્રાસથી કંટાળીને અંતે પિતાના ઘરે રહેવા ગયેલી નુરબહાર પઠાણે પતિ જાકીર અહમદ પઠાણ, સાસુ, જેઠ, દિયર અને બે નણંદ સહિત છ સભ્યો સામે ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે ફરિયાદના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### લાકડાની ફ્રેમો સહિત સામાન બળીને ખાખ

# ઉંડેરા-બાજવા રોડ પર શંકર વિજય શો મિલમાં આગથી લાખોનું નુકસાન



(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા નજીક ઉંડેરાથી બાજવા તરફ જતા રોડ પર આવેલી શ્રી શંકર વિજય શો મિલમાં ગઈકાલે રાત્રે ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનો બે ફાયર ટેન્કર સાથે સ્થળ પર પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, શો મિલમાં લાકડાની ફ્રેમો સહિતનો સામાન રાખવામાં આવ્યો હતો. અચાનક આગ લાગતા જોતજોતામાં સમગ્ર સામાન આગની લપેટમાં આવી ગયો હતો. આગ લાગતાની સાથે જ આકાશમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા, જે દૂર દૂર સુધી દેખાતા હતા. ધુમાડા જોઈ આસપાસના વિસ્તારના લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી અને લોકોના ટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. પ્રાથમિક માહિતી મુજબ, શો મિલમાં ફાયર સેફ્ટીના નિયમોનું યોગ્ય પાલન થતું ન હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ બે ફાયર ટેન્કર સાથે સ્થળ પર દોડી આવી હતી. આ ઉપરાંત સુરક્ષાના ભાગરૂપે જીઈબી અને પોલીસનો કાફલો પણ તાત્કાલિક સ્થળ પર આવી પહોંચ્યો હતો. જીઈબી દ્વારા વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી દેવાયો હતો, જ્યારે પોલીસે ભીડને નિયંત્રણમાં લીધી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ લાખો રૂપિયાનું નુકસાન થયાની આશંકા વ્યક્ત કરાઈ છે.

## કોટંબી નજીક લાકડા ભરેલી ટ્રકમાં ભીષણ આગ, ટ્રક બળીને ખાખ

વડોદરા શહેર નજીક ગોલ્ડન ચોકડી પાસે કોટંબી નજીક મધરાત્રે લાકડા ભરેલી એક ટ્રકમાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર ટ્રક આગની લપેટમાં આવી ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ, મધરાત્રે આ ટ્રક ગોલ્ડન ચોકડી તરફથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક ટ્રકમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. ડ્રાઈવર કંઈ સમજે તે પહેલા જ આગ ભભૂકી ઉઠી હતી. ટ્રકમાં લાકડા ભરેલા હોવાથી આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સદનસીબે ટ્રકમાં સવાર ચાલક અને ક્લિનર સમયસૂચકતા વાપરી નીચે ઉતરી જતા મોટી જાનહાનિ થતા ટળી હતી. આગ લાગવાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ફાયર



બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં ટ્રકમાં ભરેલો તમામ લાકડાનો જથ્થો અને ટ્રક બળીને ખાખ થઈ થઈ ગઈ હતી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

## ખંડેરાવ માર્કેટ પાછળ ફ્રૂટની દુકાનમાં ભીષણ આગ, અફરાતફરી

વડોદરા શહેરના ખંડેરાવ માર્કેટ પાછળ આવેલા સિદ્ધનાથ મહાદેવ મંદિર રોડ પર રાત્રે એક ફ્રૂટની દુકાનમાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. પ્રાથમિક તપાસ મુજબ ફળોને તાજા રાખવા માટે મુકવામાં આવેલા કુલરમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. આગ લાગતાની સાથે જ સ્થાનિક દુકાનદારો અને રહીશોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની



ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. દુકાનની બાજુમાં જ આવેલું એક બંધ જર્જરિત મકાન પણ આગની ચપેટમાં આવી ગયું હતું. મકાનના ઉપરના ભાગે લાકડા હોવાના કારણે આગ ઝડપથી પ્રસરી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ મકાનનું તાળું તોડીને પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવી હતી અને કુલિંગની કામગીરી હાથ ધરી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ દુકાનમાં રાખેલા ફળો અને સામાન બળીને ખાખ થતા મોટા આર્થિક નુકસાનનો અંદાજ છે.

### કોરિડોરમાંથી બેગ મૂકી કેરિયર ફરાર

# પુરી-વલસાડ એક્સપ્રેસમાંથી રૂ.૨.૦૧ લાખનો ગાંજો મળ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા તરફ આવી રહેલી પુરી-વલસાડ એક્સપ્રેસ ટ્રેનમાંથી પશ્ચિમ રેલવેની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને એન્ટી નાર્કોટિક્સ વિંગ (ANW)ની સંયુક્ત ટીમે રૂ.2.01 લાખની કિંમતનો 4.033 કિલો ગાંજો ઝડપી પાડ્યો છે. સમલાયા રેલવે સ્ટેશન પાસેથી પસાર થતી ટ્રેનમાં AC કોચ અને જનરલ કોચ વચ્ચેના કોરિડોરમાંથી શંકાસ્પદ હાલતમાં પડેલી લાઈટ બ્લુ રંગની બેકપેકની તપાસ કરતાં તેમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જોકે, બેગ મૂકીને ફરાર થઈ ગયેલા શખસની શોધખોળ હાથ ધરાઈ છે. પશ્ચિમ રેલવે વડોદરાની SOG તથા ANWની ટીમ 26 ઓક્ટોબરના રોજ ટ્રેન નંબર 22910 પુરી-વલસાડ એક્સપ્રેસમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બપોરે આશરે 1:10 વાગ્યે સમલાયા રેલવે સ્ટેશન પસાર થતી ટ્રેનના આગળના ભાગે આવેલા A/02 AC કોચ અને જનરલ કોચ વચ્ચેના કોરિડોરમાંથી પોલીસ હેડ કોન્સ્ટેબલ દિનેશકુમાર રમેશચંદ્ર પરમાર અને ગૌતમભાઈ જગજીવનભાઈને શંકાસ્પદ બેગપેક મળી આવી હતી. બેગની તપાસ કરતાં તેમાંથી 4.033 કિલો ગાંજો રૂપિયા 2.01 લાખ મળી આવ્યો હતો,

### કાયદાકિય ગુંચવણો વચ્ચે ભાડૂઆતે મકાન ખાલી ન કરતા વાડી વિસ્તારમાં ઘટના બની

# વડોદરાના વાડી વિસ્તારમાં સોની પોળમાં જર્જરિત મકાન ધરાશાયી

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરમાં જર્જરિત મકાનો સામે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માત્ર નોટિસ આપીને સંતોષ માનવામાં આવતો હોવાના આક્ષેપો વચ્ચે વધુ એક મકાનનો ભાગ ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. શહેરના વાડી વિસ્તારમાં આવેલી સોની પોળમાં ગઈકાલે રાત્રે દોઢ વાગ્યાના અરસામાં એક જર્જરિત મકાનનો આગળનો ભાગ અચાનક તૂટી પડ્યો હતો. જોકે, સદનસીબે મકાન બંધ હોવાથી કોઈ જાનહાની થવા પામી ન હતી. શહેરમાં અનેક જૂનાં અને જર્જરિત મકાનો અત્યારે જોખમી હાલતમાં ઊભા છે. આવા જર્જરિત મકાનોને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટિસ આપવામાં આવે છે, પરંતુ નોટિસ આપ્યા બાદ પણ કેટલીક મિલકતો સામે તાત્કાલિક કાર્યવાહી થતી ન હોવાના કારણે જોખમ સતત યથાવત રહે છે. અનેક વખત જર્જરિત મકાનોના ભાગ તૂટી પડવાની ઘટનાઓ બનતી હોવા છતાં આ સમસ્યાના કાયમી ઉકેલ માટે કયા પ્રકારનાં પગલાં લેવામાં આવશે? તેવો મોટો સવાલ સ્થાનિક સ્તરે ઊભો થયો છે. સોની પોળમાં જે મકાનનો આગળનો ભાગ તૂટી પડ્યો છે, તે મકાનના માલિક આર.પી. મિસ્ત્રીના જણાવ્યા



અનુસાર, આ મકાન ભાડે આપવામાં આવ્યું હતું, પરંતુ ભાડૂઆત દ્વારા મકાન ખાલી કરવામાં આવતું ન હતું. આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનને પણ નોટિસ આપવા માટે અગાઉ જાણ કરવામાં આવી હતી.

અંતે ભાડૂઆતે મકાન ખાલી તો કર્યું હતું, પરંતુ તેનો સામાન હજી પણ મકાન અંદર જ પડેલો છે. મકાનનો આગળનો ભાગ ધરાશાયી થઈ ચૂક્યો હોવાથી હવે વહેલી તકે આ જર્જરિત મકાન દૂર કરવામાં આવશે તેમ મકાનમાલિકે જણાવ્યું છે.

# શ્રીરંગ માર્કેટમાં ડાબા પગે યુવાનને સાપે ડંખ માર્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૭

કોટાલી ગામ વિસ્તારમાં આવેલ શ્રીરંગ માર્કેટ ખાતે એક ગંભીર ઘટના સામે આવી છે, જેમાં ૨૪ વર્ષીય યુવાન રાહુલ પારગીને અચાનક ડાબા પગે સાપે દંશ દેતા સમગ્ર વિસ્તારમાં ભારે ચિંતા અને ફફડાટ ફેલાઈ ગયો હતો. જોકે, સમયસર મળેલી તબીબી સહાયને કારણે યુવાનનો જીવ બચી ગયો છે. રાહુલ પારગી નામના આ યુવાન પર અચાનક ડાબા પગે સાપે હુમલો કરી દંશ દીધો હતો. ઝેરની અસર થવાને કારણે રાહુલના શરીરમાં અસહ્ય દુખાવો શરૂ થયો હતો અને તેની તબિયત લથડવા લાગી હતી. આકસ્મિક બનેલી આ ઘટનાથી પરિવારજનો અને આસપાસના લોકો ગભરાઈ ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને ત્વરિત પગલાં લેતા સ્થાનિકો દ્વારા તરત જ ઈમરજન્સી સેવા ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ૧૦૮ ની ટીમ ખૂબ જ ઓછા સમયમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પ્રાથમિક સારવાર આપી રાહુલને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

### માથાના ભાગે, ડાબા હાથે અને બંને પગમાં ઈજાઓ પહોંચી

# રેલવે સ્ટેશને ચાલુ ટ્રેને ચઢવા જતાં સુરતના પ્રૌઢ પટકાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૭

સુરતના સંગ્રામપુરા વિસ્તારમાં રહેતા અને વ્યવસાયે વેપારી એવા ૫૨ વર્ષીય મનીષભાઈ મફતલાલ પરીખ વડોદરા રેલવે સ્ટેશન પર ગતરોજ એક ગમખ્વાર અકસ્માતનો ભોગ બન્યા હતા. ચાલુ ટ્રેનમાં ચઢવા જવાની ઉતાવળમાં તેમનો પગ લપસી જતાં તેઓ પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેની જગ્યામાં પટકાતાં માથાના ભાગે, ડાબા હાથે અને બંને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. મનીષભાઈ કોઈ અંગત કામસર વડોદરા આવ્યા હતા અને સુરત પરત ફરવા માટે રેલવે સ્ટેશન પર હાજર હતા. જેવી ટ્રેન પ્લેટફોર્મ પર આવી અને ઊપડવા લાગી, ત્યારે ઉતાવળમાં તેઓ ચાલુ ટ્રેનમાં સવાર થવા ગયા હતા. આ દરમિયાન અચાનક તેમનો બેલેન્સ બગડતાં તેઓ નીચે પડી ગયા હતા. અકસ્માતની આ ઘટનાને પગલે સ્ટેશને હાજર મુસાફરો અને રેલવે પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. ત્વરિત કાર્યવાહી કરીને આસપાસના લોકો દ્વારા '૧૦૮' એમ્બ્યુલન્સને ફોન કરવામાં આવ્યો હતો. ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને પ્રાથમિક સારવાર આપી મનીષભાઈને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ હોસ્પિટલના તબીબો દ્વારા તેમની કાળજીપૂર્વક સારવાર કરવામાં આવી રહી છે, અને સદભાગ્યે તેમની પ્રકૃતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ બાદ રેલવે તંત્ર દ્વારા ફરી એકવાર મુસાફરોને અપીલ કરવામાં આવી છે કે, "ચાલુ ટ્રેને ચઢવું કે ઊતરવું જીવલેણ સાબિત થઈ શકે છે." મુસાફરોએ હંમેશાં ટ્રેન સંપૂર્ણપણે ઊભી રહે તેની રાહ જોવી જોઈએ .

### ટેમ્પાચાલક ઝડપાયો, દારૂ ભરનાર અને ટેમ્પામાલિક ફરાર

# દમણથી રાજુલા જતો રૂા.૧૮.૭૦ લાખનો વિદેશી દારૂ ફાજલપુર નજીકથી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.27

દમણથી પ્લાસ્ટિકની ચીજવસ્તુઓનાં બોક્સની આડમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને ગુજરાતમાં ઘુસાડવાના પ્રયાસનો વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે પર ફાજલપુર ટોલનાકા નજીક વોચ ગોઠવી અશોક લેલેન્ડ ટેમ્પો રોકતાં તેમાંથી વિદેશી દારૂ અને બિયરની 12,420 બોટલો-ટીન મળી આવ્યાં હતાં. પોલીસે ટેમ્પાચાલક દારાસીંગ દીનાનાથ યાદવને ઝડપી પાડી દારૂ, ટેમ્પો અને અન્ય સામાન સહિત રૂ.30.75 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દારૂનો જથ્થો ભરી આપનાર સતીષકુમાર યાદવ અને ટેમ્પાના માલિક મનિષકુમાર યાદવને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચના હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમ



પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે જીજે-31-ટી-4077 નંબરના અશોક લેલેન્ડ ટેમ્પામાં માલસામાનની આડમાં વિદેશી દારૂ ભરીને મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થવાનો છે. તેના આધારે ફાજલપુર ટોલનાકા નજીક વોચ ગોઠવી ટેમ્પો રોકવામાં આવ્યો હતો. ટેમ્પાની પાછળ તાડપત્રી બાંધીને મોટા પૂંઠાનાં બોક્સ ગોઠવવામાં આવ્યાં હતાં. શરૂઆતમાં તેમાં પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ હોવાનું જણાવાયું હતું, પરંતુ તપાસ દરમિયાન બોક્સની આડમાં સંતાડેલો પોલીસે રૂ.18.70 લાખની કિંમતનો 12,420 બોટલ-ટીન દારૂ-બિયરનો જથ્થો, રૂ.3 લાખની કિંમતનાં 132 પૂંઠાનાં બોક્સ આશરે રૂ.9 લાખનો ટેમ્પો અને રૂ.5 હજારનો મોબાઈલ ફોન સહિત રૂ.30.75 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે નંદેસરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.પકડાયેલા દારાસીંગ યાદવ સામે વર્ષ 2021માં ડુંગરી પોલીસ સ્ટેશનમાં જ્વલનશીલ પદાર્થ ભરેલા કન્ટેનર-ટેન્કરને ફાયર સેફ્ટીનાં સાધનો વિના રાખવાના ગુનામાં કાર્યવાહી થઈ હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

### ખાનવેલ રિસોર્ટના બુકિંગના નામે છેતરપિંડી

# વેપારી સહિત સાત મિત્રો સાથે રૂ.૧.૪૭ લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) વડોદરા તા.27

અકોટા વિસ્તારમાં રહેતા અને ઈલેક્ટ્રોપ્લેટિંગનો વેપાર કરતા 44 વર્ષીય રિતેષભાઈ મહેશભાઈ ભીમાણીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મિત્રો સાથે 31 ડિસેમ્બર, 2024ની ઉજવણી કરવા માટે સેલવાસ, દાદરા અને નગર હવેલી સ્થિત ખાનવેલ રિસોર્ટમાં જવાનું આયોજન કર્યું હતું. આ માટે તેમણે 16 સપ્ટેમ્બર, 2024ના રોજ સોશિયલ મીડિયા મારફતે માહિતી મેળવી હતી. તે દરમિયાન તેમને હરીશ પરમારનો વોટ્સએપ નંબર મળ્યો હતો. હરીશ પરમારે પોતે 'ક્રેઝી લાઈફ વેકેશન'ના નામે રિસોર્ટ બુકિંગનું કામ કરતો હોવાનું જણાવી બે રાત અને ત્રણ દિવસના રોકાણના અલગ-અલગ પ્લાન સમજાવ્યા હતા. ફરિયાદ મુજબ, કપલ માટે રૂ.17,200 અને બાળકો સાથેના પ્લાન માટે રૂ.21,200ની રકમ જણાવવામાં આવી હતી. બુકિંગ માટે એડવાન્સ પેમેન્ટ કરવાનું કહેતાં હરીશ પરમારે કોટક મહિન્દ્રા બેંકનું એકાઉન્ટ અને યુપીઆઈ આઈડી આપ્યું હતું. ત્યારબાદ રિતેષભાઈ તથા તેમના મિત્રો કિશનભાઈ દેસાઈ અને જિજ્ઞેશ શાહે મળીને રૂ.57,050 ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત શિવમ શાહે રૂ.17,201, કંદર્પ શાહે રૂ.21,350, ચિરાયુ શાહે રૂ.17,200, અંકિત શાહે રૂ.17,201 અને કૌશલ ચોક્સીએ રૂ.17,201 ચૂકવ્યા હતા. આમ, તમામ મિત્રોએ મળીને કુલ રૂ.1,47,203ની રકમ ચૂકવી હતી. જોકે, ફરિયાદીના આક્ષેપ મુજબ, રકમ મેળવ્યા બાદ પણ હરીશ પરમારે રિસોર્ટનું બુકિંગ કરાવી આપ્યું ન હતું અને નાણાં પણ પરત કર્યા ન હતા. આથી રિતેષભાઈ ભીમાણીએ ક્રેઝી લાઈફ વેકેશનના સંચાલક હરીશ પરમાર વિરુદ્ધ છેતરપિંડી અંગે કાયદેસરની તપાસ અને કાર્યવાહી કરવાની માગ સાથે ફરિયાદ નોંધાવી છે.

### કોર્ટમાં કેસ પેન્ડિંગ હોવા છતાં મનોકામના સોસાયટી-2માં કાર્યવાહી

# રવિ પાક ચાર રસ્તા પાસે મનપાની કાર્યવાહી સામે સ્થાનિકોમાં વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા મહાનગરપાલિકાના દબાણ નિવૃત્તિ શાખા દ્વારા આજે શહેરના મકરપુરા વિસ્તારમાં તરસાલી સોમનાથ નજીક આવેલા રવિ પાક ચાર રસ્તા પાસે સ્થિત મનોકામના સોસાયટી-2માં ગેરકાયદેસર બાંધકામો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મનપાની ટીમ દ્વારા સોસાયટીમાં આવેલા ગેરકાયદેસર બાંધકામો અને કમ્પાઉન્ડ વોલ તોડી પાડવાની ઝુંબેશ ચલાવાતા જ સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને સ્થાનિકોમાં મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી હતી.

સ્થાનિક રહીશોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, આ સોસાયટીના શરૂઆતના મકાનથી લઈને અંદર સુધીના તમામ લોકોએ ગેરકાયદેસર કમ્પાઉન્ડ વોલ બનાવેલી છે. તેમ છતાં માત્ર અમુક ચોક્કસ લોકોની જ દીવાલો



લક્ષ્ય બનાવીને તોડી પાડવામાં આવી છે. નારાજ રહીશોએ વધુમાં ઉમેર્યું હતું કે, અમારી કમ્પાઉન્ડ વોલ કોઈને પણ નડતરરૂપ ન હોવા છતાં મનપા દ્વારા તેને તોડી નાખવામાં આવી છે. દસ્તાવેજના આધારે જે માપણી કરવામાં આવી હતી તે મુજબ જ અમારા મકાનનું બાંધકામ થયેલું છે અને જેટલા એરિયામાં અમારો હક્ક-હિસ્સો છે, તે જગ્યાની અંદર જ અમે કમ્પાઉન્ડ વોલ બનાવી હતી. વડોદરા મહાનગરપાલિકા દ્વારા જ્યારે નોટિસ આપવામાં આવી હતી ત્યારે અમે તેનો યોગ્ય લેખિત જવાબ પણ પાઠવેલો હતો.

આ ઉપરાંત સોસાયટીના રહીશોએ જણાવ્યું કે, કમ્પાઉન્ડ વોલ બાબતે સોસાયટીના પ્રમુખ સાથે પણ ચર્ચા-વિચારણા થઈ ચૂકી હતી અને આ સમગ્ર મામલે હાલમાં કોર્ટમાં કેસ પણ પેન્ડિંગ ચાલી રહ્યો છે. કોર્ટમાં કેસ વિચારાધીન હોવા છતાં અને અમારી કમ્પાઉન્ડ વોલ પોતાની જગ્યામાં હોવા છતાં પાલિકાના દબાણ ખાતા દ્વારા ઉતાવળે આ કાર્યવાહી કરીને દીવાલો તોડી પાડવામાં આવી છે, જે સંપૂર્ણપણે અયોગ્ય છે.

### આઈડી આપનાર પિયુષ શાહ વોન્ટેડ

# મહેતા પોળ વિસ્તારમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો સટોડીયા ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરમાં ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટાબાજીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. શહેરના મહેતા પોળ વિસ્તારમાં મોબાઈલ ફોન મારફતે ક્રિકેટ મેચના હારજીત પર સટ્ટો રમતા એક શખ્સને સીટી પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ.15 હજારની કિંમતનો મોબાઈલ ફોન કબજે કરી સટ્ટાની આઈડી આપનાર પિયુષ શાહની શોધખોળ શરૂ કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે મહેતા પોળમાં ગોવર્ધનનાથજી હવેલી પાસે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન વાઘોડિયા રોડ પર આવેલા દેવમ એવન્યુમાં રહેતા જય રજનીકાંત શાહ (ઉ.વ.40)ને મોબાઈલ ફોન મારફતે ક્રિકેટનો ઓનલાઈન સટ્ટો રમતા ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી ઓપ્પો કંપનીનો રૂ.15 હજારની કિંમતનો મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન મોબાઈલમાં ઓનલાઈન સટ્ટો રમવાની વેબસાઈટ ખુલ્લી હોવાનું અને આઈડી મારફતે અલગ-અલગ ક્રિકેટ મેચ પર હારજીતનો સટ્ટો રમાતો હોવાનું સામે આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં જય શાહે પિયુષ શાહ નામના શખ્સ પાસેથી સટ્ટાની આઈડી મેળવી હોવાનું જણાવ્યું હતું. આ આઈડીના આધારે ક્રિકેટ મેચ પર સટ્ટો રમી કમિશન મેળવતો અને હિસાબ પિયુષ શાહને પહોંચાડતો હોવાની વિગતો પણ પોલીસ તપાસમાં બહાર આવી છે.જોકે, પિયુષ શાહના પૂરાં નામ અને સરનામાની વિગતો પોલીસને મળી ન હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. હવે પોલીસ સટ્ટાની આઈડીના નેટવર્ક અને તેમાં સંડોવાયેલા અન્ય શખ્સો અંગે વધુ તપાસ કરી રહી છે.

### મ્યુ.કમિશનરની ૧૯ વોર્ડના અધિકારીઓ સાથે રિવ્યુ બેઠક

# ખાલી તિજોરી ભરવા વેરા વસૂલાત, સ્વચ્છતા-દબાણ હટાવવા પર ચર્ચા

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા શહેરના તમામ ૧૯ વોર્ડના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ રિવ્યુ બેઠક યોજવામાં આવી હતી. આગામી તહેવારો અને દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને યોજાયેલી આ બેઠકમાં મિલકતવેરાની વસૂલાતને વેગ આપવા તેમજ શહેરની સ્વચ્છતા અને ટ્રાફિક વ્યવસ્થા સુધારવા અંગે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. બેઠક દરમિયાન કમિશનરે તમામ વોર્ડ અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે મિલકતવેરાની બાકી વસૂલાતની કામગીરી વધુ ઝડપી બનાવવામાં આવે. આ સાથે જ, દિવાળીના તહેવારો પહેલાં જ શહેરના મુખ્ય માર્ગો, બજારો અને



જાહેર સ્થળોને દબાણમુક્ત કરવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવા સૂચના આપી હતી. શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે અને નાગરિકોને તહેવારો દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે તે માટે સફાઈ કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા અને ઘન કચરા નિકાલની પ્રક્રિયા પર સતત દેખરેખ રાખવા જણાવ્યું હતું. આ રિવ્યુ બેઠકમાં માત્ર વસૂલાત કે સ્વચ્છતા જ નહીં, પરંતુ વડોદરાના મહત્વાકાંક્ષી વિશ્વામિત્રી રિવર ફ્રન્ટ પ્રોજેક્ટ અને શહેરના અન્ય વિવિધ વિકાસલક્ષી કામોની પ્રગતિ અંગે પણ ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. કમિશનરે ચાલી રહેલા તમામ વિકાસકામો સમયમર્યાદામાં અને ગુણવત્તાસભર રીતે પૂરા થાય તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને તાકીદ કરાતા તમામ ૧૯ વોર્ડમાં કામગીરી તેજ કરી દેવામાં આવી છે.